આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

ડીઇઓ : પ્રદિ  ચાવડા

તારીખ : 03-10-2024 સમય : સવારે 6.50 વાગ્યે

---

## પ્રધાનમંત્રી સ્વચ્છતા ભારત મિશન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અપનાવવા દેશવાસીઓને અપીલ કરી છે. 10 હજાર કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સ્વચ્છ ભારત સર્જવા માટે સતત પ્રયત્નો જરૂરી છે. નવી દિલ્હીમાં સ્વચ્છ ભારત મિશનના 10 વર્ષ પૂર્ણ થતાં સ્વચ્છતા હી સેવા 2024 કાર્યક્રમને સંબોધતા, શ્રી મોદીએ સ્વચ્છતાને જન આંદોલન બનાવવા માટે 140 કરોડ ભારતીયોની અતૂટ ભાવનાને સલામ કરી હતી.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન આ સદીનું વિશ્વનું સૌથી મોટું અને સૌથી સફળ લોકોની-ભાગીદારી, લોકોની આગેવાની હેઠળનું જન આંદોલન છે.

RNU અમદાવાદ

-----------------------------------------------------------------

## મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની જન્મ જયંતિ પ્રસંગે પોરબંદરના કીર્તિ મંદિર ખાતે મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું કે મહાત્મા ગાંધીના અંત્યોદયથી સર્વોદયના વિચારોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મસાત કરીને 2047માં વિકસીત ભારતના સંકલ્પ સાથે વિકાસયાત્રાને આગળ ધપાવી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે સ્વચ્છ ભારત મિશન દેશમાં ઘર ઘર પહોચ્યું છે અને સ્વચ્છતા એ આપણો સ્વભાવ બને તે માટે પ્રેરણા બની છે.

RNU અમદાવાદ

-----------------------------------------------------------------

## રાજ્ય□ાલ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીજયંતી નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠ પરિસરની સ્વચ્છતા માટે પ્રદૂષણ રહિત પર્યાવરણને અનુકૂળ બેટરી ઓપરેટેડ કાર્ટનું લોકાર્પણ કર્યું.

આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠમાં ગાંધી પ્રિય ભજનોનો કાર્યક્રમ યોજાયો હતો. અને પ્રાણજીવન વિદ્યાર્થી ભવનમાં મહાત્મા ગાંધીને વિશ્વભરમાંથી મળેલા 26 જેટલા માનપત્રો અને પ્રશસ્તિ પત્રોનું પ્રદર્શન

તૈયાર કરવામાં આવ્યું છે. રાજ્યપાલે જણાવ્યું કે માનવતા અને વિશ્વ કલ્યાણ માટે 'સત્ય' અને 'અહિંસા'નું ગાંધીજીનું આહ્વાન વિશ્વને સુખના માર્ગે લઈ જશે. વિદ્યાપીઠના 1800 વિદ્યાર્થીઓ 21 થી 26 ઑક્ટોબર દરમિયાન 18,000 ગામોમાં પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન સાથે ગાંધી ગ્રામજીવન પદયાત્રા કરશે.

RNU અમદાવાદ

---

## નવરાત્રિનો પ્રારંભ

શારદીય નવરાત્રી પર્વ નો  આજ થી આરંભ થયો છે આ વખતે એક નોરતું વધુ હોવાથી નવરાત્રી પર્વ દસ દિવસ ઉજવાશે.

માતાનાં  મઢ ખાતે જાગીર અધ્યક્ષ રાજા  બાવા યોગેન્દ્ર સિંહજી નાં હસ્તે ગઈ રાતે રાત્રે 9 વાગ્યે ઘટસ્થાપન વિધિ કરવામાં આવી હતી. જ્યારે રવેચી માતાના સ્થાનક થી માંડી જિલ્લા ભર માં મંદિરો માં લગભગ આજ સમયે ઘટ સ્થાપન વિધિ સાથે અનુષ્ઠાન પૂજન અર્ચન થી વાતાવરણ ગાજતું થશે તો રાત  પડતાંજ ગામે ગામ શેરીએ શેરીએ ગરબા ગરબી  શરૂ થતાં વાતાવરણ ગાજી ઉઠશે  અબાલ વૃદ્ધ સહુ આ પર્વ ઉજવવા માં વ્યસ્ત  બનશે.

અશરફ નથવાણી

---

## કચ્છની ટ્રેનો ડાયવર્ટ

અમદાવાદ મંડળના ભાંડુ મોટી દાઉ-ઊંઝા-કામલી સ્ટેશનો વચ્ચે ડબલિંગના કામના કારણે કચ્છની ટ્રેનોને અસર થશે. આવતીકાલે તારીખ 04-10ના ભુજથી ઉપડનારી ટ્રેન નંબર 14312 ભુજ-બરેલી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ પરથી દોડાવવામાં આવશે. તેજ રીતે તારીખ 06-10ના ટ્રેન નંબર 12959 બાંદ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસ બદલાયેલા રૂટ પર દોડવાના કારણે પાલનપુર અને ડીસા સ્ટેશનો પર સ્ટોપેજ આપવામાં આવશે નહીં તેવું રેલવેતંત્ર દ્વારા જણાવાયું છે.

**અશરફ નથવાણી**

---

## ગઢશીશા ખાતે સેવા સેતુ કાર્યક્રમ

સરકારની વિવિધ યોજનાઓનો લાભ વંચિતો સુધી પહોંચે અને આધારકાર્ડ, રાશનકાર્ડ, સમાજસુરક્ષા, આરોગ્ય, બાન્કિંગ સેવા, મા-કાર્ડ જેવી અંદાજિત 20થી વધુ સેવામાં કાગળોમાં સુધારા - વધારા માટે ગઢશીશા ખાતે અંદાજિત 22થી વધુ ગામોના લોકો માટે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. માંડવીના મામલતદાર વિનોદભાઈ ગોકલાણીએ સેવા સેતુનું મહત્ત્વ સમજાવી વધુમાં વધુ લોકો તેનો લાભ લે તેવી અપીલ કરી હતી. અંબાજી મંદિરના ચંદ્રુમાએ સરકારનાં આયોજનને બિરદાવ્યું હતું. સરપંચ કોમલબેન ગોસ્વામીએ મામલતદાર કચેરી, બેન્ક ઓફ બરોડા, ગુજરાત માર્ગ પરિવહન વિભાગ, આરોગ્ય વિભાગ,

પશુપાલન વિભાગ તથા આધારકાર્ડ - રાશનકાર્ડની કામગીરીમાં સહયોગી અને તમામ આંગણવાડી કર્મચારીના સહયોગને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો. જિલ્લા પંચાયતના સદસ્ય કેશવજી રોશિયા, તાલુકા પંચાયત સદસ્ય હરેશભાઈ રંગાણી, કલ્પનાબેન વાસાણી, પ્રેમભાઈ મેરિયા, ઝવેરબેન ચાવડા, આંગણવાડી સીડીપીઓ લક્ષ્મીબેન મહેશ્વરી વિગેરે અધિકારીઓએ લાભાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. તલાટી મોરારજીભાઈ ડાભી, અર્જુનસિંહ રાઠોડ, ખુશીબેન ચોથાણી, ભવ્ય સોની, નવીન આંઠુ, સંજયગિરિ ગોસ્વામી, ઉપસરપંચ રાજેન્દ્રગિરિ ગોસ્વામી વિગેરે હાજર રહ્યા હતા.

**અશરફ નથવાણી**

-----------------------------------------------------------------------

## હવામાન

આજથી આસો માસ શરૂ થઇ રહ્યો છે તેવામાં આગામી સપ્તાહે કચ્છમાં બેથી ત્રણ ડિગ્રી જેટલી ગરમી વધશે તેવું પૂર્વાનુમાન હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાયું છે. દરમિયાન કંડલા એરપોર્ટ 37 ડિગ્રી સાથે રાજ્યભરમાં સૌથી ગરમ મથક બન્યું હતું.

રાજ્યમાં બીજા ક્રમે ગરમ રહેલા ભુજમાં ઉંચું ઉષ્ણતામાન 36.5 ડિગ્રી પર સ્થિર રહ્યું હતું જેના પગલે ગરમીમાં કોઇ રાહત મળી ન હતી.

**અશરફ નથવાણી**

-----------------------------------------------------------------------

# <u>સ્વચ્છતા હી સેવા</u>

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ભુજ વિમાની મથકે આરોગ્ય તપાસણી અને રક્તદાન કેમ્પ આયોજીત કરાયો હતો આ કાર્યક્રમમાં . 101 કર્મચારીના આરોગ્યની તપાસણી સાથે સ્વૈચ્છિક રક્તદાન દિવસના ઉપલક્ષમાં 34 કર્મચારી દ્વારા રક્તદાન કરાયું હતું.

અશરફ નથવાણી

----------------------------------------------------------------------